www.aiche.org/ccps

# Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

**ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો**

This issue sponsored by ioMosaic
www.iomosaic.com

# ટેન્કો હજુપણ છલકાઇ જાય છે !

ફેબ્રુઆરી -૨૦૧૬



આગમાં સળગેલી ઘણીબધી ટેન્કો



આગ પછી ફેસેલીટી ને થયેલું નુકશાન

અમેરીકી રસાયણ સુરક્ષા બોર્ડ (CSB) એ તાજેતરમાં ઑક્ટોબર ૨૩, ૨૦૦૯[1] માં પુર્ટો રીકોની પેટ્રોલીયમ પ્રોડક્ટ સ્ટોરેજ ફેસીલીટી ના ટેન્ક ફાર્મમાં લાગેલી આગના તપાસનું કારણ દર્શાવતો અહેવાલ રજુ કર્યો છે. અમે ઘણાં બધાં પ્રોસેસ સુરક્ષા બીકન ટેન્ક છલકવાનાં અકસ્માત ઉપર રજુ કર્યા છે. દા.ત સપ્ટેમ્બર ૨૦૦૪, સપ્ટેમ્બર ૨૦૦૬ અને સપ્ટેમ્બર તથા ઑક્ટોબર ૨૦૦૯. ખાસ ધ્યાન આપો કે આમાંથી છેલ્લા બીકન રજુ કર્યા તે અને પુર્ટો રીકોનો અકસ્માત એકજ મહીનામાં છે.

સીએસબીના અહેવાલમાં (એનેક્ષર-બી) સામેલ છે.જેમાં ૧૯૬૨ થી ટેન્કફાર્મમાં મોટી આગ લાગવાના ૨૨ અકસ્માતોનું લીસ્ટ આપ્યું છે. અને આ લીસ્ટમાં બધીજ ઘટનાઓ સામેલ નથી. ૨૦૦૯ના બીકનમાં દર્શાવેલ અકસ્માત આમાં સામેલ નથી. એ જાણવું મજેદાર છે કે સીએસબીના અહેવાલમાં દર્શાવેલ ૨૨ માંથી ૧૯ અકસ્માતો ટેન્ક છલકાવાથી થયેલા છે. ઘણાં પ્રક્રિયા કારખાનામાં ઘણીબધી જટીલ પ્રક્રિયાઓ થતી હોય છે, છતાં આશ્ચર્યજનક બાબત એ છે કે ટેન્કમાં સમાય તે કરતા વધારે પ્રમાણમાં ભરવું એ વારંવાર થતા મોટા અકસ્માતો સર્જવામાં ભાગ ભજવે છે.

સ્ટોરેજ ટેન્ક ઉપર અભરોસાદાર સાધનો, અપુરતી પધ્ધતિઓ અને સ્વતંત્ર ઓવરફ્લો બચાવ પધ્ધતિ નો અભાવ જેવા કેટલાંક અગત્યના ઓપરેશનલ અને ટેકનીકલ કારણો પુર્ટો રીકો અકસ્માત અને તેના જેવા બીજાઘણાં અકસ્માતો માટે હતાં.

[1] http://www.csb.gov/caribbean-petroleum-refining-tank-explosion-and-fire/

## શું તમે જાણો છો ?

- આમ તો સ્ટોરેજ ટેન્કફાર્મનું ઓપરેશન એટલું બધું જટીલ નથી લાગતું, પરંતુ તે તમે માનો છો તેના કરતાં પણ વધારે જટીલ છે. તેમાં ટેન્ક વચ્ચે ઘણાબધાં આંતરિક જોડાણો હોઇ શકે, તમારે મટીરીયલને એવી ટેન્કમાં ખાલી કરવાનું હોય શકે જે પહેલેથી જ અડધી ભરેલી હોય અથવા ભરવામાં આવતાં મટીરીયલની ઘણીબધી ટેન્કો વચ્ચે વહેંચણી કરવાની હોય શકે.
- તમારું ટેન્કફાર્મ કદાચ તમારાં પ્લાન્ટમાં રહેલા જોખમી રસાયણોનું સૌથી મોટું સંગ્રહસ્થાન હોઇ શકે છે. જો તેમાં અકસ્માત થાય તો તે મોટો હોવાની પુરતી સંભાવના છે

## તમે શું કરી શકો ?

- કયારેય પણ ટાંકીમાંથી છલકાંતા જ્વલનશીલ,સળગી શકે તેવા અથવા ટોક્ષીક મટીરીયલ ના પરીણામને ઓછું ન આંકશો !
- ૯/૨૦૦૪, ૯/૨૦૦૬, ૯/૨૦૦૯ અને ૧૦/૨૦૦૯ ના બીકનોમાં આપેલા "તમે શું કરી શકો?" વિભાગ વાંચો. આ બધાં ઓનલાઇન ઉપર મુકેલા છે. (આ ફાઇલનો તમારી ભાષામાં અનુવાદ વાંચવા આગળ પાછળ જુઓ, જો તમારી ભાષા માં અનુવાદ હોય તો.)
- ૯/૨૦૦૪ - http://www.aiche.org/ccps/resources/process-safety-beacon/200509/english
- ૯/૨૦૦૬ - http://www.aiche.org/ccps/resources/process-safety-beacon/200609/english
- ૯/૨૦૦૯ - http://www.aiche.org/ccps/resources/process-safety-beacon/200909/english
- ૧૦/૨૦૦૯ - http://www.aiche.org/ccps/resources/process-safety-beacon/200910/english

## ટેન્કને છલકાતી અટકાવો !

©AIChE 2016. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Czech, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.